# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives



## અમારા વિષે :

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

**July 2026 | Issue No. 80 | A monthly newsletter**

## યોગ્ય સમયે યોગ્ય નિર્ણય: બાળકના વિકાસની સાચી દિશા

જો તમે ક્યારેય પ્રભાતના ભાઈપુરા સેન્ટરની મુલાકાત લો, તો એક યુવાન પિતા પોતાના માસૂમ બાળક સાથે થેરાપી સેશનમાં બેઠેલા જોવા મળશે. તેઓ બહુ ઓછું બોલે છે, પરંતુ બાળક માટે તેમની કટીબદ્ધતા ઘણું બધું કહી દે છે. આ બાળક એટલે શાહવીર.



આજના સમયમાં આપણે બાળકના ઉછેરમાં અજાણતાં જ કેટલીક ભૂલો કરી બેસીએ છીએ; જેમ કે બાળકને બહારના વાતાવરણથી દૂર રાખી ઘરમાં અતિ-સુરક્ષિત રાખવું, અન્ય બાળકો સાથે રમવા ન મોકલવું અને સૌથી વધુ તો વધતો જતો મોબાઈલનો સ્ક્રીન ટાઈમ. આ બધી બાબતો બાળકના માનસિક અને સામાજિક વિકાસ પર નકારાત્મક અસર કરે છે. શાહવીર સાથે પણ કંઈક આવું જ બન્યું. જેને લીધે અન્ય બાળકો સાથે રમતો કે ન તો પોતાની કોઈ વાત કે લાગણી વ્યક્ત કરી શકતો. શરૂઆતમાં પરિવારે આ બાબતને સહજ માની, પણ ઘરે આવેલા એક સ્નેહી મિત્રએ શાહવીરના આ વર્તનને ઓળખ્યું. તેમણે બાળક માટે યોગ્ય નિષ્ણાંતની સલાહ લેવાનું સૂચવ્યું અને પ્રભાતના ભાઈપુરા સેન્ટર વિશે માહિતી આપી. પરિવારે જરાય સમય બગાડ્યા વગર પ્રભાત સેન્ટરનો સંપર્ક કર્યો અને શાહવીરની એક નવી સફર શરૂ થઈ.

અર્લી ઇન્ટરવેન્શન યુનિટમાં શાહવીરના પ્રાથમિક મૂલ્યાંકન બાદ થેરાપીસ્ટ અને સ્પેશ્યલ એજ્યુકેટર સાથે તેનું ગોલ સેટિંગ કરવામાં આવ્યું. અને માત્ર 8 જ મહિના ના સમય બાદ, શાહવીરમાં અદ્ભુત બદલાવ જોવા મળ્યો છે.

હવે તે મેદાનમાં મિત્રો સાથે રમતો જોવા મળે છે, તો પોતાના વિચારો પણ અભિવ્યક્ત કરે છે, આ બદલવાને પરિણામે તેનું આંગણવાડીમાં પ્રવેશ થયું છે. તે નવાં વાતાવરણમાં પણ ધીરે ધીરે અનુકૂળ થઈ રહ્યો છે. આમ, પરિસ્થિતિની ગંભીરતા સમજીને બાળકના વિકાસ માટે ક્યારેય કોઈ બાંધછોડ ન કરવાનો શાહવીરના માતા પિતાનો આ અભિગમ અન્ય વાલી માટે ખરેખર પ્રેરણાદાયી છે. ભલે શરૂઆતમાં વિલંબ થયો હોય, પણ સમયસર જાગૃત થઈને બાળકની પાછળ ૧૦૦% મહેનત કરવામાં આવે તો ચોક્કસ પરિણામ મળે છે.

*તૈયાર કરનાર : બિનીતા શાહ (એજ્યુકેટર)*

## કાર્યક્રમની ઝલક

**વાલીની સહભાગિતા :** પ્રભાતના મજબૂત સ્ટેકહોલ્ડર એવા વાલીઓ સાથે બાળકની વિકાસયાત્રાને આગળ વધારવા માટે મીટીંગનું હમેશની જેમ આયોજન કરવામાં આવ્યું હતું. બેરલ માર્કેટ ખાતે યોજાયેલી આ અસરકારક મીટિંગમાં **૩૬ વાલીઓએ** ભાગ લીધો હતો. બેઠકમાં ડ્રોઇંગની પ્રવૃત્તિ કરાવીને વાલીઓનું બાળપણ તાજું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકના સર્વાંગી વિકાસમાં વાલીઓની સહભાગીદારી અને સંયુક્ત જવાબદારી વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ સાથે જ, ફિઝિયોથેરાપિસ્ટ **ધનજીભાઈ** દ્વારા વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું અને તેમને મૂંઝવતા પ્રશ્નો અંગે સકારાત્મક સંવાદ થયો.



**સમાવેશી આંગણવાડી** બનાવવાની દિશામાં વાલીઓની ભાગીદારી વધારવાના હેતુથી, **બુધાલાલની આંગણવાડી** ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી બાળકો અને વાલીઓ સાથે ઉત્સાહભેર કરવામાં આવી. વાલીઓ પોતાના બાળકના શીખવાની પ્રક્રિયાને નજીકથી સમજી શકે, તેમનો વિશ્વાસ વધે અને સેન્ટરની ટીમ સાથે જોડાણ મજબૂત થાય તે ઉદ્દેશ્યથી વાલીઓ પાસે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

**અસેસમેન્ટ** : નવા વર્ષની શરૂઆતમાં જ દરેક સેન્ટર પર નિષ્ણાત ડો. કિલ્લોલ અને ડો. માલવ શાહ દ્વારા બાળકોના જરૂરી અસેસમેન્ટની મહત્વની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ દરમિયાન કુલ 118 સાયકોલોજીકલ અને 87 સ્પીચ અસેસમેન્ટ કરવામાં આવ્યા હતા. હંમેશ મુજબ, આ પ્રક્રિયામાં સ્પેશિયલ એજ્યુકેટરની સાથે વાલીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. હવે આ અસેસમેન્ટ રિપોર્ટના આધારે જ દરેક બાળકના આગળના વિકાસ માટે યોગ્ય 'ગોલ સેટિંગ' કરવામાં આવશે.



**ટેકનોલોજીને સંગાથે શિક્ષણ** :

વર્ગમાં ઈન્ટરેક્ટિવ બોર્ડ અભ્યાસની પદ્ધતિમાં રોમાંચનો અનુભવ ઉમેરી દીધો છે. ડિજિટલ માધ્યમની સાથે દરેક બાળક સુધી તેની પહોંચ અને બાળકની ક્ષમતાના આધારે તેની સાથે જોડાણ કરવાના અનુભવે જાણે તેમને વધુ આત્મવિશ્વાસુ બનાવી દીધા છે. પ્રભાતના વર્ગખંડોને વધુ ડિજિટલ અને ઈન્ટરેક્ટિવ બનાવવા તરફ આ એક નાનું પણ મહત્વપૂર્ણ પગલું છે.



## એડવોકસી (હિમાયત )

**ઈન્ટર્નશીપ** : યુનિવર્સીટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીસના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ જીત ત્રિવેદી અને તથાગત મજુમદારે એક મહિનાની ઇન્ટર્નશિપ કરી હતી.

**સહજ કોમ્યુનિકેશન ડેશબોર્ડ**: જીતે બોલવામાં મુશ્કેલી ધરાવતા બાળકો માટે બેટ કે જે સસ્તું અને બાળ-કેન્દ્રિત ડેશબોર્ડ ડિઝાઇન કર્યું છે જેમાં આપેલા બટનો દ્વારા ખોરાક, વોશરૂમ કે રમત જેવી રોજિંદી જરૂરિયાતો માટે સ્પષ્ટ ઑડિઓ પ્રોમ્પ્ટ મળે છે. હાલ આ સાધનને થેરાપી અને વર્ગખંડમાં ઉપયોગ માટે વધુ પોર્ટેબલ બનાવવામાં આવી રહ્યું છે.

**ડિજિટલ રિપોર્ટિંગ સિસ્ટમ**: તથાગતે બ્રાઉઝર-આધારિત માસિક રિપોર્ટિંગ સિસ્ટમ તૈયાર કરી છે, જે લેપટોપ અને ડેસ્કટોપ પર કામ કરે છે. સ્ટાફ માટે ડેટા એન્ટ્રી સરળ બનાવીને આ પ્લેટફોર્મ માસિક મીટિંગ્સ અને વિવિધ એકમોના ડેટા ટ્રેકિંગને ઝડપી બનાવે છે. આ ઉપરાંત, ઇન્ટર્નશિપ વિગતોના સંકલન માટે યોગ્ય ફોર્મેટ અને અન્ય સેન્ટર પર ચાલતી ફિઝિયોથેરાપી પ્રક્રિયાઓના વિડીયો પણ તૈયાર કરવામાં આવ્યા છે.



આ ઇન્ટર્નશિપ દ્વારા પ્રભાત સંસ્થાને ઓછા ખર્ચે કસ્ટમાઇઝ્ડ અને ઉપયોગી સાધનો મળ્યા છે, જ્યારે યુવા એન્જિનિયરોને સામાજિક બદલાવ માટે પોતાની તકનીકી કુશળતાનો ઉપયોગ કરવાનો વ્યવહારુ અનુભવ મળ્યો છે.



**મુલાકાત** :ચેતના ઇન્ડિયાના સ્થાપક-નિર્દેશક (ભૂતપૂર્વ) શ્રીમતી ઇન્દુ કપૂર અને શ્રીમતી બીના રમાણી પ્રભાતના મહેમાન બન્યા. તેમણે સમુદાય-આધારિત વિકલાંગતાના ક્ષેત્રમાં પ્રભાતના કાર્યના અનુભવને સાંભળ્યા અને સેન્ટર પર બાળકો સાથે થતી પ્રવૃતિઓ નિહાળી. પ્રભાત માટે આ અવસર સમાજ કાર્યના ક્ષેત્રમાં કાર્ય કરતા આવા પ્રતિભાને મળવાનો અને ચર્ચા કરવાનો પ્રભાત ટીમનો અનુભવ રોમાંચક અને રસપ્રદ રહ્યો.

વોકેશનલ યુનિટની મુલાકાત : જેકોબ્સના પ્રતિનિધિ દ્વારા



વોકેશનલ યુનિ ને ક્રાફ્ટ અને કિચનને લઈને પહેલ પ્રભાત માટે ઉત્સુકતા છે. આ જ પહેલમાં મહત્વનો સહયોગ કરનાર જેકોબ્સના પ્રતિનિધિને વોકેશનલ યુનિટને લઈને આગળનું વિઝન અને અમ્લીકારની સમગ્ર યોજનાનો ચિતાર પ્રભાત દ્વારા આપવામાં આવ્યો હતો. સાથે વોકેશનલમાં જોડાયેલ યુવા મિત્રોના વાલી સાથે ચર્ચા કરવાનો આ અવસર હતો. આ સંવાદે વિકલાંગતા ધરાવતા યુવાનો માટે સમાવેશી અને ટકાઉ વ્યાવસાયિક તકો બનાવવાના મોટા ધ્યેય સાથે માળખાગત રોકાણને જોડવામાં દિશા આપી.

## પ્રશિક્ષણ



**પ્રેરણા પ્રવાસ** : સમાવેશી આંગણવાડી તરફની દિશામાં થઇ રહેલ પ્રયાસોના ભાગરૂપે પ્રભાત પ્રોગ્રામ ટીમે બે દિવસ માટે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ બાલમંદિર અને પીએનઆર સોસાયટીની મુલાકાત લીધી જેથી બાળપણના શિક્ષણ અને સમાવિષ્ટ પ્રથાઓ વિશેની તેમની સમજણ વધુ મજબૂત બને. દક્ષિણામૂર્તિ ખાતે, ટીમે આંગણવાડી કાર્યક્રમ સાથેની વાતચીતમાં જરૂરિયાત-આધારિત તાલીમ, ચાલુ સહાય, સરકારી સંકલન અને માતાની સહભાગીદારીની નવીન પદ્ધતિઓ વિશે માહિતી મળી. ટીમે એ પણ અવલોકન કર્યું કે સંગીત અને નાટક બાળકોના શીખવાના અનુભવોને કેવી રીતે વધારી શકે છે.



પીએનઆર સોસાયટી ખાતે, કે. એન. શાહ ટેક ઇન્ક્લુઝિવ સ્કૂલે વિકલાંગતા ધરાવતા બાળકો અને ટીપીકલ બાળકો સાથે મળીને કેવી રીતે શીખી શકે તે સમજવાની તક પૂરી પાડી, જ્યાં શિક્ષણ અને મૂલ્યાંકન પદ્ધતિઓ દરેક બાળકની ક્ષમતાઓ અનુસાર બનાવવામાં આવે છે અને શાળાના વાતાવરણમાં જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને મુલાકાતો એ સમાવેશી આંગણવાડી એ શાળા બંને ના અમલીકરણ ના વ્યવહારિક અનુભવો મળ્યા અને ચોક્કસ વધુ સ્પષ્ટતા મળી એ આગળ પ્રભાત ટીમને ઉપયોગી બનશે.



**આંતરિક ટીમ બિલ્ડીગ** : દર મહીને પ્રભાત ટીમ દ્વારા જ ટીમ ભાવના અને વિષય લક્ષી પ્રશિક્ષણ મળી રહે પણ આ બધું હળવી શૈલીમાં થાય તેવા ઉદેશ્યથી આ મહીને પણ ટીમ બિલ્ડિંગમાં બધાને નાનપણની યાદગાર ક્ષણોમાં લઈ જવામાં આવ્યા. જેમાં બાળપણના ફોટા, ટીમના રમુજી નામો, ડમ્બ શરાદ્સ અને રોલ-પ્લે પર આધારિત રમતોને માણી હતી. ત્યારબાદ, ફરી પોતાના કાર્યમાં પરત લાવી રોલ-પ્લેના માધ્યમથી ટીમે માતાપિતા, આંગણવાડી કાર્યકરો અને સ્પેશ્યલ એજ્યુકેશન અને સરકારી વિભાગની ભૂમિકાઓ ભજવી અને કઈ રીતે બાળકના સર્વાંગી વિકાસમાં સમગ્ર ઈકોસિસ્ટમ યોગદાન આપી શકે છે તેને પ્રસ્તુત કર્યું. આ પ્રવૃત્તિએ ટીમને બાળકની આસપાસની મોટી સહાયક પ્રણાલીના ભાગ રૂપે તેમની ભૂમિકાઓ સમજવામાં મદદ કરી.

દિવસનો અંત માસિક રિપોર્ટિંગ મીટિંગ અને ઘરે લઈ જવા માટે કેટલીક મનોરંજક સ્મૃતિચિહ્નો સાથે થયો. રમત, ચિંતન અને શીખવાના આ દિવસે ટીમના બંધન અને કાર્યની સહિયારી સમજને વધુ મજબૂત બનાવી.

## મારી વાત

**રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ'ની ઉજવણી!** સેન્ટર પર નાનકડાં 'બાળ ડૉક્ટરો'નો મેળાવડો જામ્યો હતો. બાળકોએ તેમની વ્હાલી ઢીંગલીઓને દર્દી બનાવીને રમતમાં ડૉક્ટર-દર્દીનો રોલ ભજવ્યો અને પોતે સાચે જ ડૉક્ટર હોય તેવો રોમાંચ અને આનંદ અનુભવ્યો !



## ઘરોબો

ટાટા મેગ્ના ઓટોમોટિવ સીટીંગ સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડના સીએસઆર પહેલના ભાગ રૂપે, શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (ઇન્દોર/જયપુર ફૂટ સેન્ટર) અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ સંયુક્ત રીતે કેલિપર્સ અને સહાયક ઉપકરણો માટે શિબિરનું આયોજન કરી રહ્યા છે.

યોગ્ય ફિટિંગ અને વ્યવસ્થિત વિતરણ સુનિશ્ચિત કરવા માટે, 15 ઓગસ્ટ, 2026 પહેલાં નોંધણી જરૂરી છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો : 9722044125, 7990897056




## સહાયક સેવાઓ

સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ઓનલાઈન – 06 , મેડિકલ સર્ટિફિકેટ-12 , અને પેન્શન ફોર્મ- 03 સાધન સહાય અન્વયે સહાયક ઉપકરણો- 06 માટેની પ્રક્રિયા કરવામાં આવી.


**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org


PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS